**મધ્યાહન ભોજન યોજના શાખા,**
**કલેકટર કચેરી, નવસારી.**

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેરવારો પાસેથી જીલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસના કરાર આધારીત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેકટ કો– ઓર્ડિનેટર | ૧ | ૧૦,૦૦૦/– |
| ૨ | એમ.ડી.એમ. તાલુકા સુપરવાઈઝર | ૪ | ૧૫,૦૦૦/– |

મધ્યાહન ભોજન યોજનામાં જીલ્લા કક્ષાએ જીલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને તાલુકા કક્ષાએ એમ.ડી.એમ. સુપરવાઈઝરની જગ્યાઓ કરારના ધોરણે ભરતી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેની ઓફલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

તમામ ઉમેદવારોને અરજીનો નમૂનો, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ તેમજ અન્ય જરૂરી વિગતો www.navsaricollector.in વેબસાઈટ પર જોવા અથવા નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના, નવસારીની કચેરીમાંથી રૂબરૂ મેળવી લેવા જણાવવામાં આવે છે.

નમુના મુજબની અરજી કરવાની છેલ્લી તારીખ ૨૩/૦૧/૨૦૧૮ સુધીમાં ઉમેદવારએ તેમની અરજી સાદી ટપાલથી, રજીસ્ટર એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે.સમયમર્યાદા બાદ મળેલ અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહી.

આ જગ્યાઓ અંગેની પસંદગી યાદી કલેકટર કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોના ઈન્ટરવ્યુ / પ્રમાણપત્રની ચકાસણી માટે નાયબ કલેકટર, મ.ભો.યો. દ્વારા લેખિત/ઈ–મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે.

**સહી/–**

**નાયબ કલેકટર**
**મધ્યાહન ભોજન યોજના**
**નવસારી**

**અરજી મોકલવાનું સરનામું :–**
નાયબ કલેકટરશ્રી, મધ્યાહન ભોજન યોજના,
ત્રીજો માળ, કલેકટર કચેરી, જીલ્લા સેવા સદન,
કાલીયાવાડી, નવસારી.

સ્થળ : નવસારી
તારીખ :૧૩/૦૧/૨૦૧૮

## **<u>મ.ભો.યો.માં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટેની જરૂરી વિગતો તથા અરજી ફોર્મ</u>**

➢ **<u>જીલ્લા કક્ષાએ</u>:-**

**૧.જીલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટરઃ-**

**(અ) <u>શૈક્ષણિકલાયકાત</u>-**

- માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતકની ડિગ્રી ઓછામાં ઓછા ૫૦% ગુણાંકન સાથે પાસ કરેલ હોવી જોઇએ.
- સરકાર માન્ય સંસ્થાઓમાંથી સીસીસી પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.
- ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઇને કરવામાં આવશે.
- માન્ય યુનિવર્સીટીમાંથી એમ.સી.એ.ની ડિગ્રી મેળવેલ હશે તેવા ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.

**(બ) અનુભવ-**

- ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ ફરજીયાત.
- ડી.ટી.પી.(ડેસ્કટોપ પબ્લિકેશન) ઓપરેટર તરીકેનો અનુભવ આદર્શ રહશે.
- આસિસ્ટન્ટ તરીકે વહીવટી કામનો અનુભવ હશે તેને અગ્રીમતા આપવામાં આવશે.
- મધ્યાહન ભોજન યોજનાના અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

**(ક) વયમર્યાદાઃ-**

- અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહી.

➢ **<u>તાલુકા કક્ષાએ</u>:-**

૧. **એમ.ડી.એમ. સુપરવાઇઝર**

(અ) **<u>શૈક્ષણિક લાયકાત</u>**

- માન્ય યુનિવર્સીટીમાંથી ગ્રેજયુએટ ઇન હોમસાયન્સ/ફૂડ એન્ડ ન્યુટ્રીશન/ સાયન્સ
- ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઇને કરવામાં આવશે.

**(બ)અનુભવઃ-**

- ૨ થી ૩ વર્ષનો વહીવટી કામગીરીનો અનુભવ.
- મધ્યાહન ભોજન યોજનાના અનુભવ ધરાવનારને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે.

**(ક) વયમર્યાદાઃ-**

- અરજી કરવાની છેલ્લી તારીખે ઉમેદવારની ઉમર ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષ કરતા વધુ હોવી જોઇએ નહી.

**<u>શરતો</u>-**

૧)જીલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર તથા એમ.ડી.એમ. સુપરવાઇઝરની સદર નિમણુંક ૧૧ માસના કરાર આધારીત રહેશે.

૨)જીલ્લા પ્રોજેકટ કો-ઓર્ડિનેટર તથા એમ.ડી.એમ. સુપરવાઇઝરને ૧૧ માસનો કરાર પૂર્ણ થયા બાદ છૂટા કરવામાં આવશે.

૩)તાલુકા કક્ષાની નાયબ મામલતદારની અને કેળવણી નિરિક્ષકોની ખાલી જગ્યાઓ પર નિયમિત નિમણૂંક પામેલ કર્મચારીઓ ઉપલબ્ધ થયેથી એમ.ડી.એમ. તાલુકા સુપરવાઇઝરની જગ્યા રદ કરવામાં આવશે.

૪)નિમણૂંક પામેલ કર્મચારીઓને દર માસે ૧ ના ધોરણે ૧૧ પરચૂરણ રજા મળવાપાત્ર રહેશે. મહિલા કર્મચારીને પ્રસુતિની રજાઓનુ વેતન ચૂકવવામાં આવશે નહી.

# <u>મ.ભો.યોમાં ૧૧ માસના કરાર આધારિત ભરતી માટેનું અરજી ફોર્મ</u>

ઉમેદવારનો ફોટો

જગ્યાનું નામ :

(૧) ઉમેદવારનું નામ :

(૨) ઉમેદવારનું હાલનું સરનામુ :

(૩) મોબાઇલ નંબર :

(૪) ઇ-મેલ આઇ.ડી. :

(૫) જન્મ તારીખ :

(૬) જાતિ :

(૭) ઉમેદવારની શૈક્ષણિક લાયકાત :

| ક્રમ | પદવી | પાસ કર્યાનું વર્ષ | કુલ ગુણ | મેળવેલ ગુણ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

નોંધઃ- સ્કુલ લિવિંગ સર્ટીફિકેટ તેમજ લાયકાત તેમજ સી.સી.સી. તેમજ અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે બિડવાની રહેશે.

(૮) સી.સી.સી.પરીક્ષાની વિગત : ................................ .. ..................................

(૯) અનુભવ: (૧) વહીવટી અનુભવ ...............તરીકે વર્ષ..........માસ..........દિવસ.........

(૨) મધ્યાહન ભોજન યોજનાની કામગીરીનો અનુભવ. વર્ષ...........માસ.........દિવસ.........

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી :............................................................

(૧૧) અન્ય : ............................................................

## <u>બાંહેધરીપત્ર</u>

**અરજીમાં દર્શાવેલ તમામ વિગતો સાચી અને ખરી છે. અને ઉપરોકત માહિતી પૈકી પાછળથી કોઇ માહિતી ખોટી જણાશે તો કચેરી દ્વારા મારી સામે જે કંઇ પગલા કે કાર્યવાહી કરવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે.**

**ઉમેદવારની સહીઃ-**